# ઉપવાસના ૧૧મા દિવસે હાર્દિકનું વજન ૨૦ કિલો ઘટ્યું

## હાર્દિક પટેલની લથડી રહેલી તબિયતને લઇ ડોકટરો તેને સતત દાખલ થવાની સલાહ આપી રહ્યા છે : પાટીદાર સમાજમાં રાજ્ય સરકારને લઇને નારાજગી

અમદાવાદ, તા.૪

પાટીદાર અનામત અને ખેડૂતોના દેવા માફીની માંગ સાથે પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલે શરૂ કરેલા આમરણાંત ઉપવાસનો આજે ૧૧મા દિવસ છે. આ ૧૧ દિવસના ઉપવાસમાં હાર્દિકનું સ્વાસ્થ્ય ગંભીર અને ચિંતાજનક રીતે લથડયું છે. ૧૧ દિવસના ઉપવાસમાં હાર્દિકનું વજન ૨૦ કિલો જેટલું ઘટી ગયું છે. ૭૮ કિલોનો હાર્દિક પટેલ હવે ૫૮ કિલોનો બની ગયો છે. હાર્દિકની લથડી રહેલી તબિયતને લઈ ડોકટરો તેને સતત દાખલ થવાની સલાહ આપી રહ્યા છે તો બીજીબાજુ, સરકારના જક્કી અને અહંકારી વલણને લઈ પાટીદારોમાં સરકાર પરત્વે ઉગ્ર આક્રોશ ફેલાયો છે., જેના ઘેરા પ્રત્યાઘાત આગામી દિવસોમાં જોવા મળે તેવી શકયતા છે. પાટીદારોને અનામત અને ખેડૂતોની દેવા માફીની માંગણી સાથે ગત તા. ૨૫મી ઓગસ્ટથી હાર્દિક પટેલે તેના ગ્રીનવુડ રિસોર્ટ ખાતેના નિવાસસ્થાન ખાતે આમરણાંત ઉપવાસ શરૂ કર્યા છે. ઉપવાસ શરૂ કર્યા ત્યારે તેનું વજન ૭૮ કિલો હતું પરંતુ ઉપવાસના ૧૧ દિવસ બાદ તેના વજનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો અને એક મણ એટલે કે તેના શરીરનું વન ૨૦ કિલો જેટલું ઘટી ગયું છે. હાર્દિકના મેડિકલ ચેકઅપ માટે સોલા સિવિલ હોસ્પિટલની ટીમ પહોંચી હતી.

ડો. મિનિષ પંચાલની આગેવાનીમાં ગયેલી ટીમમાં એક ફિઝિશિયન ડોક્ટરને પણ સાથે રાખવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે હાર્દિક બે દિવસથી યુરિન કે બ્લડ ટેસ્ટ કરવાની ના પાડી રહ્યો છે. સોલા સિવિલના ડો. મનીષા પંચાલે જણાવ્યું હતું કે, બે દિવસ બાદ શારીરિક તપાસ કરવામાં આવી હતી તેમાં પલ્સ અને બ્લડ પ્રેસર નોર્મલ છે. તેણે સુગર અને યુરિન ટેસ્ટ કરવાની ના પાડી હતી. તેના ૧૦૦/૮૦ પલ્સ રેટ અને હાલ ૫૮.૩ કિલો વજન થયું છે. હાર્દિકને સતત હોસ્પિટલમાં એડમિટ થવાની સલાહ આપવામાં આવી રહી છે. હલનચલન કરવામાં તેને તકલીફ થાય છે અને ચક્કર આવી રહ્યા હોવાની તેણે ફરિયાદ કરી છે. હાર્દિક ઉપવાસ પર ઉતર્યો ત્યારે તંદુરસ્ત અને હસમુખો ચહેરો ધરાવતો હતો. પરંતુ ઉપવાસ પર ઉતરતા તેણે અન્નનો ત્યાગ કર્યો હતો. આ ઉપરાંત બે દિવસ જળનો ત્યાગ કરતાં તેની હાલત દિવસેને દિવસે કથળી રહી છે.

જો કે, તા.૧ લી સપ્ટેમ્બરે એસપી સ્વામીએ જળગ્રહણ કરાવ્યું જેને પગલે તેને થોડી રાહત થઈ હતી. પરંતુ તેના વજન ઉતરવાનું ઓછું થયું ન હતું. તેની હાલની સ્થિતિ દયામણી થઈ ગઈ છે. હાલ તેનું સ્વાસ્થ્ય ચિંતાજનક રીતે કથળી રહ્યું છે અને ૧૧-૧૧ દિવસના ઉપવાસ છતાં સરકારનું પેટનું પાણી હાલતું નહી હોવાથી અમદાવાદ શહેર સહિત રાજયભરના પાટીદારોમાં સરકારના જક્કી વલણને લઈ હવે ઉગ્ર આક્રોશ ફેલાઈ રહ્યો છે. જેના પ્રત્યાઘાત આગામી દિવસોમાં જોવા મળે તેવી શકયતા છે.

## હાર્દિકના ઉપવાસથી સમાજ ચિંતિત, સરકારને ચિંતા નથી

### હાર્દિકના આંદોલનને યશવંતસિંહા તેમજ શત્રુઘ્ન સિંહાનું સમર્થન : હાર્દિકના અનશન કોંગ્રેસ પ્રેરિત હોવાનો ઇન્કાર

હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસનો આજે ૧૧મો દિવસ છે,ત્યારે ઉપવાસના સમર્થનમાં આજે ભાજપના દિગ્ગજ નેતા અને સાંસદ શત્રુઘ્નસિંહા અને પૂર્વ કેન્દ્રિયમંત્રી યશવંતસિંહા ઉપવાસી છાવણીની મુલાકાતે પહોંચ્યા હતા. હાર્દિકની મુલાકાત બાદ શત્રુઘ્નસિંહા અને યશવંતસિંહો જણાવ્યું હતું કે, હાર્દિકના ૧૧ દિવસના ઉપવાસથી સમાજ ચિંતિંત છે પરંતુ સરકારની કંઈ ચિંતા નથી. ખેડૂતોના હિતની અને અનામતની વાત કરતાં હાર્દિકના ઉપવાસના પડઘા માત્ર ગુજરાત જ નહી પરંતુ દેશભરમાં પડયા છે અને આગામી દિવસોમાં હાર્દિકના ઉપવાસ ગુજરાત સુધી સીમિત નહી રહે. બંને નેતાઓએ દેશમાં હાલ ખેડૂતોની દયનીય અને કફોડી હાલતને લઈ ભારે ચિંતા વ્યકત કરી હતી. ભાજપના દિગ્ગજ નેતા શત્રુઘ્નસિંહા અને પૂર્વ નાણાંમંત્રી યશવંતસિંહાએ તેઓ સરકારની નીતિઓનો વિરોધમાં ન હોવાનું અને યુવાધનને મજબૂત કરવા આવ્યા હોવાની સ્પષ્ટતા કરી હતી અને વધુમાં જણાવ્યું હતું કે, તેઓ હાર્દિકના આંદોલનને સમર્થન કરી રહ્યા છે કારણ કે, તેની લડત અને માંગણી વાજબી છે, તે ખેડૂતોનો અવાજ રજૂ કરી રહ્યો છે. અમે હાર્દિકના મુદ્દાઓને સમજવા માટે મુલાકાત લીધી છે. હાર્દિકના ઉપવાસનો પ્રભાવ સમગ્ર દેશમાં પડ્યો છે. સમગ્ર દેશમાં હાર્દિકના ઉપવાસ એક ચર્ચાનો વિષય બન્યો છે અને તેથી હવે હાર્દિકના ઉપવાસ ગુજરાત સુધી સિમિત નહીં રહે. હાર્દિકના ઉપવાસની અહીંની ભાજપ સરકાર નોંધ લેતી નથી પરંતુ દેશની જનતા બધાથી વાકેફ છે. અમે હાર્દિકને કેટલાક સુચનો આપ્યા છે. ખેડૂતોની લડાઈ સમગ્ર દેશમાં ચાલી રહી છે. બંને નેતાઓએ વધુમાં ઉમેર્યું કે, હાર્દિક પટેલ આજની પેઢીનો યુવાધન છે. આ કોંગ્રેસ પ્રેરિત આંદોલન નથી, સર્વદલ પ્રેરિત આંદોલન છે. હાર્દિકની માગો અંગે સરકાર વિચારતી નથી. ખેડૂતોની દયનીય અને કફોડી સ્થિતિ અંગે ભારે ચિંતા થાય છે. જો બીજા રાજ્યમાં ખેડૂતોને દેવામાફી થાય છે તો ગુજરાતમાં કેમ નહી ? હાર્દિક પટેલે ખેડૂતો માટે જે પગલું ભર્યુ છે અને લડત આદરી છે તે ખુબ જ પ્રશંસનીય છે. ગુજરાતના જ ખેડૂતો અંગે પીએમ વિચારતા નથી, તે દુખદ કહેવાય. પાટીદારો સમગ્ર દેશ-દુનિયામાં મોખરે છે અને બધાને સાથે લઈને ચાલનારો સમાજ છે, ત્યારે હાર્દિકે પાટાદાર સમાજની રાહબરી હેઠળ બધાને એક નવી રાહ ચીંધી છે. રાજય સરકારે સમગ્ર મામલે વિચારવું જોઈએ. યશવંતસિંહા ઉપરાંત અન્ય પાર્ટીઓના નેતાઓ પણ પહોંચ્યા છે.

# સાબરકાંઠામાં વેગ પકડતુ અનામત આંદોલન

## હાર્દિકના સમર્થનમાં અનેક સ્થળે રામધૂન અને ઉપવાસ શરૂ થયા, કેટલાક પાટીદારોએ મૂંડન કરાવ્યા : આંદોલન ઠારવા તંત્રના પ્રયાસો નિષ્ફળ

હિંમતનગર, તા. ૪

દસ દિવસ અગાઉ કિસાનોના દેવા માફી તથા પાટીદાર અનામત આંદોલનને આગળ વધારવા માટે હાર્દિક પટેલે અમદાવાદ ખાતે ઉપવાસ આંદોલન શરૂ કર્યુ છે. ત્યારે સાબરકાંઠામાં પણ ત્રણ દિવસથી તેના સમર્થનમાં અનેક લોકોએ બેધડક બહાર આવી જાણે કે સરકાર સામે બંડ પોકાર્યો હોય તેમ કાયદાની પરવા કર્યા વિના વિવિધ કાર્યક્રમો યોજવાનું શરૂ કરી દીધું છે. જેના કારણે સાબરકાંઠામાં અનામત આંદોલન ફરીથી વેગવંતુ બની રહ્યું છે. જેના કેવા પરિણામ આવે છે તે સમય બતાવશે.

આ અંગેની વિગત એવી છે કે અમદાવાદમાં હાર્દિક પટેલે શરૂ કરેલા ઉપવાસ આંદોલન બાદ સાબરકાંઠામાં સૌ પ્રથમ હિંમતનગર તાલુકામાં તેના સમર્થનમાં વિવિધ કાર્યક્રમો તથા પદયાત્રાનું આયોજન કર્યુ હતુ અને હવે આ આંદોલન જિલ્લાના અનેક ગામો સુધી પહોચી ગયુ છે ત્યારે સોમવારે અને મંગળવારે અનેક ગામોમાં પાટીદારોએ મંદિરોમાં રામધૂન શરૂ કરીને માથે પાટીદારના લખાણવાળી ટોપી તથા ખેસ ધારણ કરી લોકોમાં અનામત આંદોલન અંગે જાગૃતિ લાવવાના કામ શરૂ કરી દીધા છે.

પ્રાંતિજ તાલુકાના નનાનપુર ગામના હર્ષદ પટેલ નામના યુવાને મંગળવારથી અનશન શરૂ કરી એવી જાહેરાત કરી છે કે જ્યાં સુધી હાર્દિક ઉપવાસ નહી છોડે ત્યાં સુધી હું પણ મારા ઉપવાસ ચાલુ રાખીશ. ઉપરાંત પ્રાંતિજ તાલુકાના બાલીસણા ગામના કેટલાક પાટીદારોએ ૧૦૦ લિટર દૂધ હાર્દિકની છાવણીમાં મંગળવારે મોકલી આપીને અનોખુ સમર્થન આપ્યું હતું.



ગત રવિવારે હિંમતનગર તાલુકાના ગઢોડા ગામેથી સોલા જવા માટે નીકળેલ પાટીદારોની મા ઉમાના રથ સાથેની યાત્રાને માર્ગમાં પોલીસે અટકાવીને કથિત દમન ગુજારતાં પાટીદારોના ગઢ એવા ઊંઝા શહેરમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. ઉમિયા માતાજીના રથને અટકાવીને પાટીદાર ભાઈ-બહેનો, બાળકો પર પોલીસે ગુજારેલ કથિત દમનના વિરોધમાં આજે બપોરના બાર વાગ્યા પછીથી ઊંઝા શહેરમાં સંપૂર્ણ બંધ પળાયો હતો. શહેરના વિવિધ બજારો, મેઈન રોડ પરની દુકાનો, ઔદ્યોગિક એકમો, માર્કેટયાર્ડ વગેરે બંધ રહ્યા હતા.





## પ્રાંતિજ તાલુકામાં હાર્દિકના સમર્થનમાં ગામેગામ ઉપવાસ

ખેડૂતોના દેવા માફી, અનામતની માંગ સાથે ઉપવાસ પર બેઠેલા હાર્દિક પટેલને રાજય સહિત જિલ્લાઓ તાલુકાઓમાંથી સમર્થન મલી રહ્યું છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદ તાલુકામાં રહેતાં પાટીદારોના એક પછી એક ગામ સમર્થનમાં આગળ આવી રહ્યું છે. જેમાં પ્રાંતિજના પલ્લાચર, વડવાસા, નનાનપુર, તાજપુર તો તલોદના વલીયમપુરા ખાતે પણ આજે એક દિવસના પ્રતિક ઉપવાસ સાથે રામધૂનનો કાર્યક્રમ યોજાયો. હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસ આંદોલનને લઈને ગુજરાતમાં રહેતા પાટીદારો દ્વારા એક પછી એક ગામો અને શહેરોમાંથી સમર્થન મળી રહ્યું છે ત્યારે આજે ઉપવાસ આંદોલનના અગિયારમાં દિવસે પણ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પલ્લાચર, વડવાસા, નનાનપુર, તાજપુર તો તલોદ તાલુકાના વલીયમપુરા ખાતે પણ પાટીદાર સમાજના ભાઈ-બહેનો દ્વારા એક દિવસના પ્રતિક ઉપવાસ કરી રામધૂનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં પલ્લાચર, તાજપુર, વડવાસા ખાતે રહેતાં પાટીદાર સમાજના ભાઈ બહેનો યુવાનો દ્વારા એક દિવસના ઉપવાસ કરી રામધૂન બોલાવી હતી. નનાનપુર ખાતે એક દિવસના પ્રતિક ઉપવાસ સાથે હાર્દિક પટેલના આયુષ્ય માટે મહા મૃત્યુજયના પાઠ કરવામાં આવ્યાં હતા અને રાત્રીના સમયે થાળી વેલન વગાડીને સરકારને જમાડવામાં આવશે તો તલોદના વલીયમપુરા ખાતે પણ રહેતાં પાટીદાર સમાજના લોકો દ્વારા હાર્દિક પટેલના સમર્થનમાં આવી પ્રતિક ઉપવાસની સાથે રામધૂન બોલાવી હતી.

## અરવલ્લી જિલ્લામાં હાર્દિક પટેલના સમર્થનમાં ગામોના ગામો ઉતર્યા

મોડાસા, તા. ૪

ગુજરાતના ખેડૂતોના દેવા માફી અને પાટીદાર સમાજને



અનામત મળે તે માટે પાસ કન્વીનર હાર્દિક પટેલ ૨૫ ઓગસ્ટથી આમરણાંત ઉપવાસ ૧૧માં દિવસે અરવલ્લી જીલ્લામાં પાટીદાર સમાજમાં મોટી સંખ્યામાં જન સમર્થન મળી રહ્યું છે. હાર્દિક પટેલની પકડ ફરીથી અરવલ્લી જીલ્લાના પાટીદાર સમાજમાં મજબૂત થઈ રહી છે. હાર્દિક પટેલ આમરણાંત ઉપવાસ પાટીદાર સમાજની માંગણીના રૂપમાં પરિવર્તિત થઈ રહી છે જોકે, ઉપવાસના પગલે હાર્દિક પટેલની તબિયત વધારે લથડી રહી હોવાથી પાટીદાર સમાજની મહિલાઓ, યુવતીઓ અને બાળકોની હાર્દિક પટેલ માટેની સહાનુભૂતિ બેવડાઈ છે. અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકામાં તો સમગ્ર પાટીદાર સમાજ હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસના સમર્થનમાં



હોય તેમ ગામે ગામ પ્રતીક ઉપવાસ, રામધૂન અને સામુહિક મુંડન કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. રાજ્ય સરકાર સામે ધીરે ધીરે છૂપો રોષ પ્રવર્તી રહ્યો છે.

બાયડ તાલુકાના બોરલ, વાસણીરેલ, કાશીપુરા, ફતેપુરા એક દિવસીય પ્રતીક ઉપવાસ અને રામધૂન બોલાવી હતી. મહિલાઓએ હાર્દિક પટેલના ઉપવાસ અંગે રાજ્ય સરકાર સામે આક્ષેપો કરી વાટાઘાટોથી સમસ્યાનો ઉકેલ લાવવામાં રાજ્ય સરકારને અહમ આડે આવતો હોવાનું એકી સુરે જણાવ્યું હતું. સતત હાર્દિકના સમર્થનમાં રામધૂન અને "જય સરદાર જય પાટીદાર"ના નારા ધીરે ધીરે બાયડ પંથક સહીત અરવલ્લી જીલ્લામાં ગુંજતા આવનારા સમયમાં રાજ્ય સરકાર માટે કૃતરૂપી બને તો નવાઈ નહિ તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે.





## અરવલ્લી જિલ્લામાં દોઢ કલાકમાં મોડાસા, શામળાજી પંથકમાં ૨ ઇંચ વરસાદ

અરવલ્લી જીલ્લામાં જન્માષ્ટમીની પૂર્વ સંધ્યાએ રવિવારે વરસાદી ઝાપટું પડતા મોટા ભાગનો વિસ્તાર પાણી પાણી થઈ ગયો હતો. મોડાસા, ભિલોડા અને શામળાજી પંથકમાં દોઢ કલાકમાં ૨ ઈંચ વરસાદી ઝાપટું પડતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. શામળાજી-હિંમતનગર નેશનલ હાઈવે નં-૮ પર વરસાદના પગલે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. રોડ પર નદી વહેતી હોય તેવો નજારો જોવા મળ્યો હતો. વાહનચાલકોએ મેઘરાજાનું રોદ્ર સ્વરૂપ જોઈ રોડ સાઈડ વાહન ઉભા રાખી દીધા હતા. વાતાવરણમાં રવિવારે અસહ્ય ઉકળાટ અને બફારા બાદ આકાશે કાળા ડિબાંગ વાદળો ધસી આવી મન મુકી વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરતા પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો. વરસાદી ઝાપટા રૂપી મેઘ મહેરથી ખેડૂતોમાં આનંદ છવાયો હતો.

## શ્રેષ્ઠ લોકપ્રિય શિક્ષક-સમાજ સુધારક રૂપજીભાઈ હેગનનુ ૯૮ વર્ષે અવસાન

ગાંધીનગર તા ૪

સાબરકાંઠાના બિલડીયા ગામના રહેવાસી રૂપજીભાઈ હેગનનુ ૯૮ વર્ષની વયે ગાંધીનગરમાં અવસાન થયુ છે. સાબરકાંઠા બિલડીયા વિસ્તારના લોકપ્રિય શિક્ષક, સમાજ સુધારક અને જ્ઞાનના ઉપાસક સેવાધારી દાદા તરીકે લોકચાહના ધરાવતા હતા. તેમની પાસે અભ્યાસ કરી ચુકેલા ડોકટરો અને ઈજનેર તરીકે પોતાની કારકીર્દી બનાવી છે. જયારે ઉચ્ચ હોદ્દા પરના અધિકારીઓ આજે નિવૃતિની વયે છે. તેમની અંતિમ ક્રીયા દરમિયાન ધારાસભ્ય અનિલ જોષીયારા પોતાના તમામ કામ પડતા મુકી હાજર રહયા હતા. ગાંધીનગર એક્રેડીટેશન પ્રેસ કલબ અને અનેક સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા કીશોર અંજારીયા પણ દફનવિધિમાં હાજર રહ્યા હતા. આવતીકાલે શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ એનાયત કરવામાં આવનાર છે. ત્યારે આ લોકપ્રિય શિક્ષકને યાદ કરવા જ રહયા રૂપજીભાઈ હેગનના મોટાપુત્ર શાન્તેયુ હેંગન નિવૃત ઈજનેર છે. બીજા પુત્ર મધુશીલ હેગન, ત્રીજા પુત્ર ફીલીપભાઈ હેગન, ચોથા પુત્ર વોલ્ટાસ હેગન સરકારમાં ડોકટર હતા અને અવસાન પામેલા છે. પુત્રી શુશીલાબેન હેગન સરકારમાં નોકરી કરતા હતા.

### પરિણામ વિહોણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોઈએ એવી સરકારની લાગણી છે. અનામતને લઈને સરકાર સાથે વિશેષ ચર્ચા થઈ છે પરંતુ આ મુદ્દાને લઈ હજુ વધુ અને ઉંડી ચર્ચા સરકાર સાથે કરવામાં આવશે. પાટીદાર સંસ્થાઓની સરકાર સાથેની બેઠકમાં કોઈ નક્કર ઉકેલ આવ્યો નથી. કોઈ મુદ્દાની સ્પષ્ટતા વિના સરકાર અને સંસ્થાઓની બેઠક પૂર્ણ થઈ છે. બે કલાકથી વધુ ચાલેલી બેઠકમાં કોઈ ચોક્કસ સમાધાન ન આવ્યું. સરકાર અને સંસ્થાઓની બેઠકમાં કોઈ સમાધાન હાલ તો નીકળ્યું નથી. બેઠકમાં અનેક મુદ્દે ચર્ચા થઈ પણ અનામત માટેનું વલણ સ્પષ્ટ થયુ નથી. હાર્દિક સિવાય સમાજ પાસે પણ મુદ્દા છે. આ સમગ્ર મામલે સંસ્થાનાં પ્રતિનિધિઓ હાર્દિક સાથે ચર્ચા કરશે. અમારી લાગણી છે કે હાર્દિક પારણાં કરી લે. હાર્દિકનાં માણસોએ જ મધ્યસ્થી માટેની જવાબદારી આપી. સરકારની વાત પણ હાર્દિક સમક્ષ રાખીશું. સૌનો પક્ષ અને ઈચ્છા જાણ્યા બાદ આગળની રણનીતિ અમલમાં મૂકાશે.

### બાહ્ય મૂલ્યાંકન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફિલ્ડ ઈન્વેસ્ટીગેટર તરીકે બી.એડ.ના વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હોવાનું પણ શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ સૂત્રોના જણાવ્યાનુસાર બાહ્ય મૂલ્યાંકનકાર દ્વારા ૩૦ માર્કર્સની ખાસ પરીક્ષા લેવામાં આવશે. જેમાં ૧૦ લેખન, ૧૦ ગણન અને ૧૦ વાંચનના માર્કર્સ હશે. આ માટેના પ્રશ્નપત્રો ડાયેટ તૈયાર કરશે તેમ બિનસત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આ બાહ્ય મૂલ્યાંકનની તૈયારીઓ અને શિક્ષકદિનની ઉજવણીમાં શિક્ષણતંત્ર વ્યસ્ત બન્યુ છે. જિલ્લાના રૂટ પાંચમીની સાંજ સુધીમાં ફાયનલ થઈ જશે તેમ જાણવા મળેલ છે. આ બાહ્ય મૂલ્યાંકન માટે દરેક તાલુકાકક્ષાએ એક ખાસ કંટ્રોલરૂમ પણ ઉભો કરવામાં આવનાર છે. ડેટા એન્ટ્રી ફિલ્ડ ઈન્વેસ્ટીગેટર દ્વારા શાળાએથી ના થઈ હોય તો આ કંટ્રોલ રૂમ પર આવીને કરવાની રહેશે. શનિવારે જે શાળામાં બાહ્ય મૂલ્યાંકન હોય તે શાળાનો સમય પણ ૧૦.૩૦ થી ૫.૩૦ રાખવાના આદેશો જારી કરવાની સૂચના પણ સરકાર દ્વારા આપવામાં આવી છે.

### હોબાળો મચાવ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં થોડા સમય અગાઉ જ વંદે માતરમ પાર્કનુ લોકાર્પણ કરવામાં આવ્યુ છે.જયારે સરકારી કર્મચારીઓ માટે નવા આવાસોનુ નિર્માણ કરાયા બાદ આ મકાનો કર્મચારીઓને ફાળવી દેવાતા આ પાર્કમા હાલ કર્મચારીઓનો વસવાટ છે. પરંતુ છેલ્લા એક સપ્તાહથી આ મકાનોમાં પાણી ન આવતુ હોવાની ફરિયાદ ઉઠતા સ્થાનિકોમાં આક્રોશ પ્રવર્તયો હતો. જયારે પાણી માટે ટેન્કરની વ્યવસ્થા કરવાની પણ ફરજ પડી હતી. જયારે આ મામલે જવાબદાર એજન્સીને પણ અનેક વાર રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાયા નહતા. સ્થાનિકોએ આજે પાટનગર યોજના વિભાગમાં હોબાળો મચાવ્યો હતો. એકત્રિત થયેલા રહેવાસીઓએ પાણીની સમસ્યા હલ કરવા માટે તંત્ર સમક્ષ ઉગ્ર રજુઆત કરી હતી. જયારે વંદે માતરમ આવાસના ધાબે પાણીની ટાંકી પણ લીકેજ હોવાની ફરિયાદ તંત્ર સમક્ષ કરી હતી. સ્થાનિકોએ રજુઆતમાં જણાંવ્યા મુજબ આ આવાસમાં ૭૦૦ એમ એલ ડી કરતા પણ વધુ ટી ડી એસ વાળુ પાણી આવતુ હોવાની ફરિયાદ પણ કરી છે. આવાસમાં પીવાલાયક પાણી ન આવતુ હોવાનુ પણ રહીશોએ જણાંવી પાણીની ગુણવત્તાની યોગ્ય ચકાસણી કરવામાં આવે તેવી પણ રજુઆત કરી છે. સુત્રોના જણાંવ્યા મુજબ પાણીની સમસ્યા માટે જવાબદાર ટેકનિકલ ખામીનુ આજે નિવારણ કરી દેવાયુ છે. પાણીની મોટર પણ રીપેર કરી દેવાતા હવે પાણીની સમસ્યા હલ થઈ ગઈ છે.

### ટ્રીમીંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નમી પડેલી ડાળીઓની કટોતી કરવામાં આવી હતી. જયારે હાલ શહેરના રોડ નં -૩ પર ટ્રીમીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમા અરણ્યભવન તરફ જવાના માર્ગ પર વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી ચાલી રહી છે. આગામી ૧૫ દિવસ સુધી આ કામગીરી હાથ ધરાશે. જોખમી ડાળો દુર કરાયા છે. આજે દિવસ દરમિયાન ૩૭ જેટલા વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવ્યુ હતુ. આ માર્ગ પર અંદાજિત ૧૯૨ જેટલા વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવશે. જયારે આગામી દિવસોમાં શહેરના છ માર્ગ પર ટ્રીમીંગની કામગીરી પણ હાથ ધરાશે.

### ઈવીએમ જોઈએ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૨.૯ લાખ બેલટ યુનિટની તંગી છે, ૯.૪ લાખ કંટ્રોલ યુનિટની અછત છે તેમ જ અંદાજે ૧૨.૩ લાખ વીવીપીએટી (વોટર વેરીફીએબલ પેપર ઓડિટ ટ્રેલ મશીન કે પેપર ટ્રેઈલ મશીન)ની અછત થશે.

### કોંગ્રેસ મોખરે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અગાઉ મતદારોના મિજાજ પારખવાના સંકેત સમાન હતી. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવ્યો હતો, પરંતુ સરકાર રચી શકાય તેટલું સંખ્યાબળ મેળવી શક્યો નહોતો જેને કારણે કોંગ્રેસ અને જનતા દળ (એસ)ને જોડાણ કરવાની અને સરકાર રચવાની તક મળી ગઈ હતી.

### સોનાની ખરીદી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૦૧૭-૧૮ના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન પોતાના ગોલ્ડ સ્ટોક હોલ્ડિંગમાં ૮.૪૬ ટનનો વધારો કરી લીધો છે. તેના હાલના વાર્ષિક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આમાથી આરબીઆઈનો ગોલ્ડ રિઝર્વનો જથ્થો વધીને ૫૬૬.૨૩ ટન સુધી પહોંચી ગયો છે. આરબીઆઈએ પોતાના રિઝર્વને વધુ મજબૂત કરવા આ પહેલા નવેમ્બર ૨૦૦૯માં આઈએમએફ પાસેથી ૨૦૦ ટન સોનાની ખરીદી કરી હતી.